| **14.5.1.8** | **Development of Technology for Carbonated Lime Whey Beverage** |
| | A technology for preparing carbonated lime whey beverage has been developed by Anand Agricultural University, Anand using de-fatted, lactose hydrolyzed *paneer* whey through addition of 4.5% lime juice (Brix/Acid ratio of 1.3), 8-10 % sugar and subjected to carbonation at 1.5 kg/$cm^2$. Table salt @ 0.5 % and ginger powder @ 0.5 % served as flavour enhancers. The carbonated lime whey beverage added with 100 ppm of sodium benzoate, packed in PET bottles had a shelf life of 75 days and 21 days when stored at 7±2°C and 37±2°C, respectively. |

| | |
|---|---|
| | આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા કાર્બોનેટેડ લાઇમ વ્હે-બેવરેજ બનાવવાની પધ્ધતિ વિકસાવેલ છે. જેમા ડી-ફેટેડ, લેક્ટોઝહાઈડ્રોલાઈઝડ વ્હેમાં ૪.૫ % લાઇમનો રસ (બ્રીક્ષ/એસીડનું પ્રમાણ ૧.૩) તથા ૮ થી ૧૦ % ખાંડના ઉપયોગની ભલામણ કરવામાં આવે છે. ઉપરાંત કાર્બોનેટેડ લાઇમ વ્હે-બેવરેજનાં સ્વાદમાં સુધારો કરવા માટે તેમાં ૦.૫ % મીઠું તથા ૦.૫ % આદુનો પાવડર ઉમેરી ૧.૫ કિગ્રા/સેમી² ના દબાણે કાર્બોનેશન કરવાની પણ ભલામણ કરવામાં આવે છે. ભલામણ મુજબ બનાવેલ કાર્બોનેટેડલાઇમ વ્હે-બેવરેજને પેટ (PET) બોટલમાં ૧૦૦ પી.પી.એમ. સોડીયમ બેન્ઝોએટ પ્રિઝર્વેટીવ ઉમેરી ફ્રીજના તાપમાને (૭±૨ °સે) ૭૫ દિવસ અને ૩૭±૨ °સે તાપમાને ૨૧ દિવસ સુધી સાચવણી કરી શકાય છે.<br>**Approved.**<br>**(Action: Prof. & Head, Dept. of Dairy Technology, AAU, Anand)** |
| **14.5.1.9** | **Development of *Peth*a (Ash gourd sweetmeat) ice cream** |
| | A technology has been developed by Anand Agricultural University, Anand for preparing value added novel **'Lemon flavoured *Petha* Ice cream'** in which it is recommended to utilize sucrose @ 13.0 %, lemon flavouring @ 0.7 ml/L of mix and disc shaped *Petha* particulates @ of 8.0 % by weight of ice cream mix.<br>આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા મૂલ્ય વર્ધિત નવીન લીંબુ ફ્લેવર્ડ પેઠા આઈસ્ક્રીમ બનાવવાની પધ્ધતિ વિકસાવેલ છે. જેમાં આઈસ્ક્રીમ મિક્ષના વજનના ૧૩ % ખાંડ, ૦.૭ મિ.લી./લી. લીંબુનું સુંગંધિત દ્રવ્ય અને ૮.૦ % પેઠાના પતીકા ઉમેરવાની ભલામણ છે.<br>**Approved.**<br>**(Action: Prof. & Head, Dept. of Dairy Technology, AAU, Anand)** |
| **14.5.1.10** | **Deveiiopment of cereal based *burfi*** |
| | A method for preparing *ravaburfi* has been standardized at Anand Agricultural University, Anand. *Rava burfi* prepared using small particle grade *rava* of durum wheat, *khoa* and liquid glucose contains about 1.0 % fiber, 9.5 % Protein and 18.5 % Fatand has calorific value of 404 kcal/100 g.The shelf life of *rava burfi* when packed in polyethylene box and placed in pre-sterilized composite polyethylene terephthalate /low density polyethylene film (50μm) pouch is 9 and 35 days when stored at 30±2 °C and 7±2 °C, respectively.<br>આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા રવા બરફી બનાવવાની પદ્ધતિ વિકસાવવામાં આવેલ છે. આ પદ્ધતિ દ્વારા ડ્યુરમ (ભાલીયા પ્રકારના ઘઉં) નો સ્મોલ પાર્ટીકલ ગ્રેડરવો, માવો અને પ્રવાહી ગ્લુકોઝનો ઉપયોગ કરીને બનાવેલ રવા બરફીમાં આશરે ૧ % રેસા, ૯.૫ % પ્રોટીન, ૧૮.૫ % ફેટ તથા ૪૦૪ કેલરી પ્રતિ ૧૦૦ ગ્રામ રહેલ છે. આ રવા બરફીને અગાઉથી જીવાણું રહિત કરેલ પોલીથીન બોક્ષમાં મૂકી પોલીઇથીલીન/લો ડેન્સીટી પોલીઇથીલીન કમ્પોઝીટ પાઉચમાં પેક કરી ૩૦±૨ °સે તાપમાને ૯ દિવસ સુધી તથા ૭±૨ °સે તાપમાને ૩૫ દિવસ સુધી સંગ્રહી શકાય છે.<br>**Approved.**<br>**(Action: Prof. & Head, Dept. of Dairy Technology, AAU, Anand)** |
| **14.5.1.11** | **Development of a nutri-rich *Chakka* based dip fortified with *Moringa*** |
| | A method is developed by Anand Agricultural University for manufacturing *chakka* based *Moringa* dip fortified with 5 % *Moringa* pod powder (100 mesh). The taste of the product could be improved by addition of spice blend (mixture of mango powder, mint, dry ginger and pepper powder) added @ 0.5 % by weight of dip. The product has a shelf life of 15 days when stored at 4±2 $^{o}$C in re-closable polypropylene co-polymer cups.<br>આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ચક્કા આધારિત સરગવાની ડીપ (ચટણી) બનાવવાની |

| | |
|---|---|
| | એક પદ્ધતિ વિકસાવવામાં આવી છે, જેમાં ૫ % લેખે સરગવાનાં સિંગનો પાઉડર (૧૦૦ મેશ) ઉમેરવામાં આવેલ છે. ચક્કા આધારિત સરગવાની ડીપનો સ્વાદ ૦.૫ % મસાલાના મિશ્રણ (આમચૂર પાઉડર, ફૂદીનો, આદુ તથા મરી પાઉડરનો મિશ્રણ) ઉમેરીને સુધારી શકાય છે. ચક્કા આધારિત સરગવાની ડીપને રીક્લોઝેબલ પોલીપ્રોપીલીન કો-પોલીમર કપમાં ભરી ૪±૨ °સે. તાપમાને ૧૫ દિવસ સુધી સાચવણી કરી શકાય છે.<br>**Approved.**<br>**(Action: Prof. & Head, Dept. of Dairy Technology, AAU, Anand)** |
| **14.5.1.12** | **Evaluation of selected additives for the manufacture of low fat chhana** |
| | The production of reduced fat *chhana* developed at Anand Agricultural University, Anand is beneficial in obtaining *chhana* having 33 % lower fat, 20 % higher proteinin which addition of 0.2 % WPC and 0.05 % Lecithin is recommended. The product is affordablypriced as compared to regular *chhana*. The developed reduced-fat *chhana* is comparable with regular *chhana* with respect to its sensory characteristics.<br>આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ઓછી ચરબીવાળા છન્ના બનાવવાની પદ્ધતિ વિકસાવવામાં આવેલ છે, જેમાં ૦.૨ % WPC અને ૦.૦૫ % લેસીથીન ઉમેરવાની ભલામણ છે. આ પ્રમાણે બનાવેલ છન્નામાં, સામાન્ય છન્નાના પ્રમાણમાં, ૩૩ % ઓછી ચરબી અને ૨૦ % વધારે પ્રોટીન હોય છે. **સદર** છન્ના, સામાન્ય છન્નાની સરખામણીએ સસ્તો પડે છે તેમજ તેનો સ્વાદ સામાન્ય છન્ના જેવોજ હોય છે.<br>**Approved.**<br>**(Action: Prof. & Head, Dept. of Dairy Technology, AAU, Anand)** |
| **14.5.1.13** | **Evaluation of common culinary spices as natural antioxidant for ghee** |
| | Among the common culinary spices (black pepper, cardamom, cinnamon, clove, coriander, cumin, fennel, fenugreek, ginger, nutmeg and turmeric), addition of nutmeg in melted butter @ 0.5 % of the expected yield of ghee or @0.4 % in butter containing 80% fat is most effective in reducing oxidative deterioration of ghee.<br>સામાન્ય રીતે રસોઈમાં વપરાતા મસાલા (કાળા મરી, એલચી, તજ, લવિંગ, ધાણા, જીરું, વરિયાળી, મેથી, આદું, જાયફળ અને હળદર) પૈકી જાયફળ, ઘીની અપેક્ષિત ઉપજના ૦.૫ ટકા લેખે, પીગળેલ માખણમાં અથવા ૦.૪ ટકા લેખે ૮૦ ટકા ફેટ ધરાવતા માખણમાં ઉમેરવાથી ઓક્સિડેશનથી થતો ઘીનો બગાડ ઓછો કરવામાં સૌથી વધુ અસરકારક છે.<br>**Approved.**<br>**(Action: Prof. & Head, Dept. of Dairy Chemistry, AAU, Anand)** |
| **14.5.1.14** | **Development of whey based medium for biomass production of lactic acid bacteria** |
| | Cheddar cheese whey based medium for producing biomass of lactic acid bacteria (*Lactobacillus helveticus* MTCC 5463 and *Streptococcus thermophilus* MTCC5461) has been developed. This medium yields biomass of 5.51 and 2.56 g/L of *Lactobacillus helveticus* MTCC 5463 and *Streptococcus thermophiles* MTCC 5461, respectively when fermented for 12h at 37 °C in a 5L capacity fermenter. The performance of the said biomass is found satisfactory in preparation of dahi and butter milk. The developed process for preparation of whey based medium is given in the flow chart.<br>Cheddar cheese whey is heated at 75 °C for 10 min.<br>↓<br>WPC-70 is added @ 0.5 %.<br>↓<br>Proteolysis by papain @ 0.5 % at 50 °C for 4 h |

↓

Heated to 95 °C for 10 min.

↓

Addition of $MnSO_4$ (0.01 %) and oleic acid (0.1 %)

↓

Medium is sterilized by autoclaving.

ચેડાર ચીઝ વ્હેનો ઉપયોગ કરી લેકટિક એસિડ બેકટેરીયા (લેકટોબેસીલસ હેલવેટીકસ MTCC 5463 અને સ્ટ્રેપ્ટોકોકસ થર્મોફિલસ MTCC5461) ના બાયોમાસના ઉત્પાદન માટેનું માધ્યમ વિકસાવવામાં આવેલ છે.આવા માધ્યમનો ઉપયોગ કરીને, ૫ લીટર ક્ષમતાવાળા ફર્મેન્ટરમાં, ૩૭ ૦સે.તાપમાને, ૧૨ કલાકમાં લેકટોબેસીલસ હેલવેટીકસMTCC 5463 અને સ્ટ્રેપ્ટોકોકસ થર્મોફિલસ MTCC 5461 નો અનુંક્રમે ૫.૫૧ અને ૨.૫૬ ગ્રામ/લીટર બાયોમાસ ઉત્પાદન કરી શકાય છે. આ બાયોમાસ દહી અને છાશ બનાવવા માટે સંતોષકારક માલુમ પડેલ છે. વિકસાવેલ પધ્ધતિની વિગત નીચેના ફ્લો ચાર્ટમાં દર્શાવેલ છે.

ચેડાર ચીઝ વ્હેને ૭૫ ॰સે. તાપમાને ૧૦ મિનિટ માટે ગરમ કરવું

↓

ડબલ્યુપીસી (**WPC-**૭૦) ને ૦.૫ % ના દરે ઉમેરવું

↓

પ્રોટીયોલીસિસ કરવા પેપેનના (૦.૫ %) ના દ્રાવણ સાથે ૫૦ ॰સે. તાપમાને ૪ કલાક માટે રાખવું

↓

ત્યારબાદ ૯૫ ॰સે. તાપમાને ૧૦ મિનિટ માટે ગરમ કરવું

↓

મેંગેનિઝ સલ્ફેટ (**$MnSO_4$**, ૦.૦૧%) અને ઓલિક એસિડ (**Oleic acid**, ૦.૧ %) નેઉમેરવા

↓

માધ્યમને ઓટોક્લેવ દ્વારા સ્ટેરીલાઈઝ કરવું

**Approved.**

**(Action: Prof. & Head, Dept. of Dairy Chemistry, AAU, Anand)**

**14.5.1.15 Optimization of selected qualitative tests for detection of common adulterants in milk**

Qualitative tests modified by Anand Agricultural University, Anand are recommended for detection of common adulterants in milk. The use of such tests have advantages like ease in judgment about result of the test, improved sensitivity (limit of detection), reduction in risk of health hazards as well as environmental pollution and/or elimination of certain prohibited chemicals. The adulterants and tests for their detection are listed in the table below.

| Sr. No. | Adulterants | Test modified at Anand Agricultural University |
|---|---|---|
| 1. | Detergent | Methylene blue test Paradkar *et al*. (2000) |
| 2. | Urea | DMAB test (FSSAI, 2015) |
| 3. | Ammonium salts | Phenol test (FSSAI, 2015) |
| 4. | Sucrose | Seliwanoff test (Srivastava, 2010) |
| 5. | Glucose | Barfoed test (Barfoed, 1873) |
| 6. | Maltodextrin | Iodine test (Sharma *et al*., 2012) |
| 7. | Starch | Iodine test (BIS, 1960) |
| 8. | Gelatin | Picric acid test (DGHS, 2005) |
| 9. | Salt | Chromate test (FSSAI, 2015) |
| 10. | Nitrate | Diphenylamine test (FAO, 1986) |
| 11. | Sulphate | Barium chloride test (FSSAI, 2015) |
| 12. | Hydrogen peroxide | *p*-Phenylenediamine (Draaiyer *et al*., 2009) |

| | | |
|---|---|---|
| 13. | Formaldehyde | (1) Leach test (BIS, 1961)<br>(2) Hehner test (Draaiyer *et al*., 2009) |
| 14. | Neutralizers | (1) Rosolic acid test (DGHS, 2005)<br>(2) Methanol test (Davies, 1938) |

દૂધમાં ભેળસેળ કરવા માટે વપરાતા સામાન્ય પદાર્થોને ગુણાત્મક કસોટીઓ દ્વારા તપાસવા માટે આણંદ કૃષિયુનિવર્સિટી દ્વારા સુધારેલ પદ્ધતિઓ વાપરવા માટે ભલામણ કરવામાં આવે છે. આ પદ્ધતિઓનો ઉપયોગ કરવાથી કેટલાક મહત્વના ફાયદા થાય છે જેવાકે કસોટીના પરિણામ બાબતે નિર્ણય લેવામાં સરળતા, કસોટીની સંવેદન શીલતામાં સુધારો (ન્યૂનતમ મર્યાદામાં ઘટાડો), સ્વાસ્થ્ય માટે કેટલાક હાનીકારક તેમજ પર્યાવરણને પ્રદુષિત કરતા રસાયણોનો ઉપયોગ નિવારી શકાય અને/અથવા પ્રતિબંધિત રસાયણોનો ઉપયોગ નિવારી શકાય છે. ભેળસેળ કરવા માટે વપરાતા પદાર્થો અને તેમને તપાસવા માટેની કસોટીઓની યાદી ટેબલમાં દર્શાવેલ છે.

| Sr. No. | Adulterants | Test modified at Anand Agricultural University |
|---|---|---|
| 1. | Detergent | Methylene blue test Paradkar *et al*. (2000) |
| 2. | Urea | DMAB test (FSSAI, 2015) |
| 3. | Ammonium salts | Phenol test (FSSAI, 2015) |
| 4. | Sucrose | Seliwanoff test (Srivastava, 201 ) |
| 5. | Glucose | Barfoed test (Barfoed, 1873) |
| 6. | Maltodextrin | Iodine test (Sharma *et al*., 2012) |
| 7. | Starch | Iodine test (BIS, 1960) |
| 8. | Gelatin | Picric acid test (DGHS, 2005) |
| 9. | Salt | Chromate test (FSSAI, 2015) |
| 10. | Nitrate | Diphenylamine test (FAO, 1986) |
| 11. | Sulphate | Barium chloride test (FSSAI, 2015) |
| 12. | Hydrogen peroxide | *p*-Phenylenediamine (Draaiyer *et al*., 2009) |
| 13. | Formaldehyde | (1) Leach test (BIS, 1961)<br>(2) Hehner test (Draaiyer *et al*., 2009) |
| 14. | Neutralizers | (1) Rosolic acid test (DGHS, 2005)<br>(2) Methanol test (Davies, 1938) |

**Approved.**

**(Action: Prof. & Head, Dept. of Dairy Chemistry, AAU, Anand)**

**14.5.1.16 Utilization of paneer whey in synbiotic *Sherbet candy***

Anand Agricultural University has developed a method for the preparation of *synbiotic sherbet can*dy using 44 % of paneer whey, 4 % fructo oligosacaharide, 15 % sucrose, 10 % liquid glucose, 3 % fructose, 0.07 % carrageenan, 0.10 % locust bean gum, 0.13 % pectin, 15 % mango pulp and probiotic culture *Lactobacillus rhamnosus* and *Lactobacillus paracasei* (in 1:1 ratio) added @ of 0.03 % mix. The product packed in biaxially oriented polypropylene material has shelf life of 4 months when stored at -18±2 °C.

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા સીનબાયોટીક સરબત કેન્ડીની તાંત્રિકતા વિકસાવેલ છે. જેમાં ૪૪ % પનીર વ્હે, ૪ % ફ્રુકટોઓલીગોસેકેરાઈડ, ૧૫ % ખાંડ,૧૦ % પ્રવાહી ગ્લુકોઝ, ૩ % ફ્રુક્ટોઝ, ૦.૦૭ % કેરાગીનન, ૦.૧૦ % લોક્સ્ટબીનગમ, ૦.૧૩ % પેક્ટીન, ૧૫ % કેરીનો પલ્પ અને પ્રોબાયોટીક કલ્ચર *લેક્ટોબેસીલસ રામનોસસ* અને *લેક્ટોબેસીલસ પેરાકેસીઈ* (૧:૧પ્રમાણે) @ ૦.૦૩ % મીશ્રણ પ્રમાણ ઉપર ઉમેરવામાં આવેલ છે. આ કેન્ડી બાયએક્ષીઅલી ઓરીએન્ટેડ પોલીપ્રોપિલીન મટીરીયલમાં પેક કરીને -૧૮±૨ °સે તાપમાને ૪ મહિના સુધી સંગ્રહી શકાય છે.

**Approved.**

**(Action: Prof. & Head, Dept. of Dairy Chemistry, AAU, Anand)**

| | |
|---|---|
| **14.5.1.17** | **Development of value added fermented milk containing drumstick** |
| | *Moringa* based *lassi*, prepared from standardized milk added with 1.63 % *Moringa* pod powder as an ingredient, has been developed at Anand Agricultural University, Anand. The product was found to contain Vitamin A, Vitamin C, calcium, iron, fiber and potassium. The product had a shelf life of 30 days when stored under refrigerated (7±2 °C) conditions in pre-sterilized PET bottles.<br>આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા, સ્ટાન્ડર્ડ દૂધમાં સરગવાની સિંગના પાવડરને ૧.૬૩ % પ્રમાણે ઘટક તરીકે ઉમેરીને લસ્સી બનાવવામાં આવેલ છે. આ લસ્સી વિટામીન એ, વિટામીનસી, કેલ્શિયમ, લોહ તત્વ, પોટેશિયમ અને રેસા ધરાવે છે. આ લસ્સીને રેફ્રીજરેટર તાપમાને (૭±૨ °સે) જીવાણું વિહીન કરેલી PET બોટલમાં ૩૦ દિવસ સુધી સંગ્રહી શકાય છે.<br>**Approved.**<br>**(Action: Prof. & Head, Dept. of Dairy Microbiology, AAU, Anand)** |
| **14.5.1.18** | **Engineering interventions for commercial production of *Doodhpak*** |
| | Dairy Industry and Entrepreneurs are recommended to adopt method developed by Anand Agricultural University for manufacture of in-container sterilised (121 ˚C for 15 min) *Doodhpak*. It is made from standardized milk (4.5 % fat & 8.5 % SNF) concentrated to 1.6 times concentration level using scraped surface heat exchanger (SSHE) and added with scented rice and sugar at the rate of 2.2 % and 11 % of concentrated milk respectively. The product has a shelf life of 75 days at room temperature (35±2 °C) and 105 days at refrigeration temperature (5±2 °C).<br>ડેરી ઉદ્યોગ અને ઉદ્યોગ સાહસીકોને, ઈન-કન્ટેનર સ્ટરિલાઇઝ્ડ (૧૨૧ °સે/૧૫ મિનિટ) દુધપાકના ઉત્પાદન માટે, આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવવામાં આવેલ પદ્ધતિ અપનાવવાની ભલામણ કરવામાં આવે છે. આ દુધપાક, સ્ટાન્ડર્ડાઇઝ્ડ દૂધને (૪.૫ % ફેટ અને ૮.૫ % એસ.એન.એફ.), સ્ક્રેપ્ટસરફેસ હીટ એક્સ્ચેંજર (એસ.એસ.એચ.ઈ.) દ્વારા ૧.૬ ઘણું ઘટ્ટ કરીને, તેમાં સુગંધિત ચોખા અને ખાંડ અનુક્રમે @૨.૨ % અને ૧૧ % ઘટ્ટ દૂધના પ્રમાણમાં ઉમેરીને બનાવેલ છે. આ દુધપાક સમાન્ય તાપમાને (૩૫±૨ °C) ૭૫ દિવસ અને રેફ્રિજરેટેડ તાપમાને (૫±૨ °C) ૧૦૫ દિવસ સુધી સારો રાખી શકાય છે.<br>**Approved.**<br>**(Action: Prof. & Head, Dept. of Dairy Engineering, AAU, Anand)** |
| **14.5.1.19** | **Technology for manufacture of extended shelf-life *Basundi*** |
| | A commercial process technology to manufacture extended shelf-life *Basundi* has been developed by Anand Agricultural University, Anand. The standardized process involves manufacture of *Basundi* by vacuum (60 mmHG) concentration followed by in-bottle heat processing using rotary sterilizer at 110 °C for 15 minutes. The heat processed *Basundi* has a shelf life of 90 days when stored at 37±2 $^{o}$C.<br>આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા લાંબી સંગ્રહક્ષમતા ધરાવતી બાસુંદી બનાવવાની પધ્ધતિ વિકસાવેલ છે. આ પ્રક્રિયામાં શૂન્યાવકાશમાં (૬૦ એમ.એમ. Hg.) બાસુંદીને ઘટ્ટ કરી બોટલમાં ભરીને રોટરી સ્ટરીલાઈઝરમાં ૧૧૦ °સે. તાપમાને ૧૫ મિનીટ સુધી ગરમ કરવામાં આવે છે. ઉપરોક્ત પ્રક્રિયાથી બનાવેલ બાસુંદી ૩૭±૨ °સે. તાપમાને ૯૦ દિવસ સુધી સંગ્રહી શકાય છે.<br>**Approved.**<br>**(Action: Prof. & Head, Dept. of Dairy Technology, AAU, Anand)** |
| **14.5.1.20** | **Eco-friendly Mobile Vending cum Storage System for Fruits and Vegetables** |
| | Fruits & vegetables vendors are advised to use “Eco-friendly Solar Powered Vending Cart” developed by the Anand Agricultural University.The average temperature and RH inside the storage chamber (14.12 cu.ft.) is maintained at 22±2.86 °C and 82 ±3.28 %, respectively, during summer months. This cart is useful to reduce the losses at retailer level, increases the shelf-life and also preserve the freshness of |

| | |
|---|---|
| | fruits and vegetables.<br>ફળ અને શાકભાજીના છુટક વેપારીઓને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવેલ "સુર્ય-શક્તિથી સંચાલીત ઇકો-ફ્રેન્ડલી હાથ-લારી" નો ઉપયોગ કરવા ભલામણ છે. આ હાથ-લારીમાં ઉનાળાના મહીનાઓ દરમિયાન સંગ્રહપેટી (૧૪.૧૨ ઘન ફૂટ) ની અંદરનુ તાપમાન ૨૨± ૨.૮૬ °C અને ભેજ ૮૨ ± ૩.૨૮ % જળવાઇ રહે છે, જેથી ફળ અને શાકભાજીને લાંબો સમય સાચવી, તાજા રાખીને છુટક વેચાણના ધોરણે થતું નુકશાન ઘટાડવામાં મદદરૂપ થાય છે.<br>**Approved.**<br>**(Action: Prof. & Head, Dept. of Post Harvest Engg. & Tech,, AAU, Anand)** |
| **14.5.1.21** | **Development of whey based RTS beverage from muskmelon and lime** |
| | The entrepreneurs interested in the production of dairy whey basedready to serve (RTS) beverage from muskmelon and lime are recommended to adopt processing technology developed by the Anand Agricultural University. The technology involves formulation of ingredients (milk whey 51.35 ml, musk melon juice 40 ml and lemon juice 6.19 ml) and thermal processing (hot filled at 85 °C in 200 ml glass bottle, crown corked and processed at 95 °C for 15 min) of prepared beverage. The developed beverage can be stored safely for 3 months at the ambient temperature.<br>ડેરી વ્હે આધારીત, શક્કરટેટી અને લીંબુના રસનો ઉપયોગ કરીને બનાવેલ તૈયાર પીણાનાં ઉત્પાદનમાં રસ ધરાવતા ઉદ્યોગકારો/સાહસિકોને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવવામાં આવેલ પ્રોસેસિંગ તાંત્રિકતાનો ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવે છે. આ તાંત્રિકતામાં પીણું બનાવવા માટેની ફોરમ્યુલેશનમાં સમાવેશ કરવામાં આવેલા તત્વો (ડેરી વ્હે ૫૧.૩૫ મિલિ, શક્કરટેટીનું જ્યૂસ ૪૦ મિલિ અને લીંબુનો રસ ૬.૧૯ મિલી) અને થર્મલ પ્રોસેસીંગનો (૨૦૦ મિલિગ્રામ ગ્લાસ બોટલમાં ૮૫ °સે તાપમાને પીણાને હોટ ફીલિંગ કરી સીલ કરી ૯૫ °સે તાપમાન વાળા પાણીમાં ૧૫ મિનીટ માટે પ્રોસેસિંગ કરવાનું) સમાવેશ થાય છે. આ રીતે તૈયાર થતાં પીણાને ત્રણ મહિના સુધી સામાન્ય તાપમાને સંગ્રહી શકાય છે.<br>**Approved.**<br>**(Action: Prof. & Head, Dept. of Post Harvest Engg. & Tech,, AAU, Anand)** |
| **14.5.1.22** | **Production of high quality powder with maximum retention of essential oil using cryogenic grinding of cardamom** |
| | Entrepreneurs and agro-processing units involved in grinding of cardamom seed are recommended to use the technology of cryogenic grinding developed by the Anand Agricultural University for the production of superior quality cardamom powder with higher retention of volatile oil as compared to conventional grinding.The operating parameters were kept as temperature -40 °C, feed rate 7 kg/h and sieve size 1.5 mm.<br>ઇલાઇચીના પાઉડરનું ઉત્પાદન કરતા ઉદ્યમ સાહસિકો તથા ઉદ્યોગકારોને ઉત્તમ ગુણવત્તાવાળા પાવડરનું ઉત્પાદન કરવા માટે આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવવામાં આવેલ ક્રાયોજેનિક ગ્રાઇન્ડિગની તાંત્રિકતા વાપરવાની ભલામણ કરવામાં આવે છે. આ તાંત્રિકતાથી બનાવેલ ઇલાઇચી પાઉડરમાં, સાદી દળવાની પધ્ધતિની સાપેક્ષે, ઉંચી ગુણવત્તા સહિત, બાષ્પશીલ તૈલીય પદાર્થ વધૂ પ્રમાણમાં જળવાઇ રહે છે. આ માટે જરૂરી તાપમાન -૪૦ °સે., વહનક્ષમત્તા ૭ કિ.ગ્રા. પ્રતિ કલાક અને ૧.૫ મીમીના છીદ્ર ધરાવતી જાળીનો ઉપયોગ કરવાનો રહે છે.<br>**Approved.**<br>**(Action: Prof. & Head, Dept. of Post Harvest Engg. & Tech,, AAU, Anand)** |

| | |
|---|---|
| **14.5.1.23** | **Standardization of drying technique for *Moringa Oleifera* leaves** |
| | The entrepreneurs and food processors interested in production of dried Moringa leaves with the maximum retention of beta-carotene and Vitamin C can utilize the drying technique standardized by the Anand Agricultural University. The moringa leaves can be dried using vacuum dryer operated at 45 °C for 3½ hour and vacuum as 450 mm of Hg. The product retained 93.6 % of Beta-carotene and 22 % of Vitamin C.<br>સરગવાના પાનની ગુણવત્તા યુક્ત સુકવણી કરવા ઈચ્છતા ઉદ્યોગ સાહસિકો અને ફૂડ પ્રોસેસરોને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવવામાં આવેલ સુકવણીની તાંત્રિકતાનો ઉપયોગ કરવા ભલામણ કરવામાં આવે છે .આ તાંત્રિકતા મુજબ વેક્યુમ ડ્રાયરમાં ૪૫ °સે તાપમાને ૩.૫ કલાક સુધી ૪૫૦ મીમી મર્ક્યુરી દબાણે શૂન્યવકાસમાં સુકવેલાં સરગવાનાં પ્રતિ ૧૦૦ ગ્રામ પાનમાં બીટા-કેરોટીન અને વિટામીનસી અનુક્રમે ૨૬.૯૮ મી.ગ્રા. (૯૩.૬ %) અને ૧૮૬.૬૩ મી.ગ્રા. (૨૨ %) સચવાયેલા જોવા મળે છે.<br>**Approved.**<br>**(Action: Prof. & Head, Dept. of Post Harvest Engg. & Tech,, AAU, Anand)** |
| **14.5.1.24** | **Accelerated drying of Aonla using pulsed osmotic microwave vacuum dehydration.** |
| | The entrepreneurs and fruit processors interested in production of osmotically dehydrated Aonla segments are recommended to use the processing technology developed by the Anand Agricultural University. The technology involves microwave vacuum (400 mmHg) assisted osmotic dehydration of Aonla segments in sugar syrup (50 $^{o}$Brix) followed by microwave vacuum (500 mmHg) drying. It results in good quality sweetened dehydrated Aonla segments which retains more than 80 % of the ascorbic acid present in the fresh sample.<br>ઓસ્મોટિક પ્રક્રિયાથી નિર્જળીકરણ કરેલ આમળાની કેંડીના ઉત્પાદનમાં રસ ધરાવતા ઉધોગ સાહસિકો અને ફળફળાદીના પ્રોસેસરોને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવેલ ટેક્નોલોજીનો ઉપયોગ કરવા ભલામણ કરવામાં આવે છે .આ તાંત્રિકતા દ્વારા ખાંડની ચાસણી (૫૦ °બ્રિક્સમાં) માઇક્રોવેવ વેક્યુમની મદદથી આમળાના ચીરીયાનું ઓસ્મોટિક પ્રક્રિયાથી નિર્જળીકરણ કર્યા બાદમા ઇક્રોવેવ વેક્યુમથી સુકવણી કરવામાં આવે છે .આ પ્રક્રિયાના પરિણામે કાચા આમળામાં રહેલ ૮૦ % થી વધુ એસ્કોર્બિક એસિડને જાળવી રાખવા સહિત સારી ગુણવત્તાવાળી મિઠાશ ધરાવતી નિર્જળીત આમળાની કેંડી મેળવી શકાય છે.<br>**Approved.**<br>**(Action: Prof. & Head, Dept. of Food Engineering, AAU, Anand)** |
| **14.5.1.25** | **Design and development of SSHE for *kajukatli* manufacturing** |
| | Entrepreneurs interested in manufacture of *Kajukatri* production are recommended to use the SSHE machine for continuous cooking and cooling developed by the Anand Agricultural University. The operating conditions for the SSHE required are 5 kg/cm$^2$ steam pressure, 14 rpm scrapper speed and 10 kg/h feed rate. The steam and electricity consumption during manufacturing of *Kajukatri* is 1.52 kg/kg of water evaporated and 0.14 kWh/kg of product, respectively. The cost of SSHE is about ₹ 76,125/- while the processing cost of *Kajukatri* is ₹ 9.21/kg.<br>કાજુ કતરીના બહોળા ઉત્પાદનમાં રસ ધરાવતા ઉધોગ સાહસિકોને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવેલ કૂકિંગ અને કૂલિંગ સિસ્ટમ ધરાવતી મશીનનો ઉપયોગ કરવા ભલામણ કરવામા આવે છે .આ કૂકિંગ અને કૂલિંગ મશીનને, ૫ કિ.ગ્રા./ ચો.સે.મી .વરાળનું દબાણ, ૧૪ આર.પી.એમ. સ્ક્રેપરની ઝડપથી ચલાવવાથી ૧૦ કિ.ગ્રા/.કલાક કાજુ કતરી બનાવી શકાય છે. એસ.એસ.એચ.ઈ .માં કાજુ કતરી બનાવતી વખતે, ૧ કિગ્રા પાણી બાષ્પીભૂત કરવા ૧.૫૨ |

| | |
|---|---|
| | કિગ્રા જેટલી વરાળ વપરાય છે, જ્યારે ૧કિગ્રા કાજુકતરી બનાવવા માટે ૦.૧૪ કિલોવોટ વીજળીનો વપરાશ થાય છે .આ મશીનની અંદાજીત કિંમત રૂ .૭૬,૧૨૫ થાય છે અને આ પદ્ધતિ મુજબ કાજુકતરી બનાવવાનો ખર્ચ રૂ .૯.૨૧/ કિ.ગ્રા .આવે છે.<br>**Approved.**<br>**(Action: Prof. & Head, Dept. of Food Engineering, AAU, Anand)** |
| **14.5.1.26** | **Development and performance evaluation of continuous rolling, sheeting and cutting system for *Kajukatli* production** |
| | Entrepreneurs interested in manufacturing of continuous rolling, sheeting and cutting system for *Kajukatri* production are recommended to use the machine developed by the Anand Agricultural University. This machine can continuously roll, sheet and cut the produce in diamond shaped (30x30x5 mm) *Kajukatri*. The fabrication cost of the machine is about ₹ 1,10,100/- while the operating cost is Rs.5.46/- per kg.<br>કાજુ કતરીના ઉત્પાદનમાં રસ ધરાવતા ઉધોગ સાહસિકોને આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા વિકસાવેલ રોલિંગ, શીટિંગ અને કટિંગનો ઉપયોગ કરવા ભલામણ કરવામા આવે છે. આ મશીનથી ડાયમંડ આકાર (૩૦×૩૦×૫મીમી) ની કાજુકતરીને રોલિંગ, શીટિંગ અને કટિંગ કરી શકાય છે. આ મશીનની અંદાજીત કિંમતરૂ. ૧,૧૦,૧૦૦/- થાય છે જ્યારે પ્રક્રિયાની કિંમત રૂ. ૫.૪૬ પ્રતિ કિ.ગ્રા. થાય છે .<br>**Approved.**<br>**(Action: Prof. & Head, Dept. of Food Engineering, AAU, Anand)** |
| **14.5.1.27** | **Development of juice extraction process of wood apple fruit** |
| | The entrepreneurs and food processors interested in production of juice from wood apple fruits are recommended to use the technology developed by the Anand Agricultural University. This technology involves steaming (6 min), enzymatic treatment [with mixture of pectinase: cellulase (7:3) at the rate of 30 mg/100 g pulp for 6 h at 40 °C] and juice extractionwith maximum recovery with maximum total soluble solid in juice from wood apple fruit. Thermally processed (80 °C for 9 min) wood apple juice is microbiologically stable and acceptable on sensory basis for 5 months storage at ambient temperature (37±2 °C).<br>કોઠામાંથી જ્યુસ બનાવવામાં રસ ધરાવતા ઉદ્યોગ સાહસિકને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવેલ ટેકનોલોજી ઉપયોગ કરવા માટે ભલામણ કરવામાં આવે છે. આ ટેકનોલોજી મુજબ, કોઠાના ગરને વરાળથી ૬ મિનેટ સુધી બાફવું અને ઉત્સેચક (પેક્ટીનેસ: સેલ્યુલેઝ (૭:3 ) મિશ્રણ, ૩૦ ગ્રામ/૧૦૦ ગ્રામ પલ્પના દરે ૬ કલાક માટે ૪૦ °સે) દ્વારા પ્રાથમિક પ્રક્રિયા આપીને જ્યુસ એકસટ્રેકટર વડે રસ કાઢવામાં આવે છે. જેથી રસ અને તેમાં રહેલ દ્રાવ્ય ઘનપદાર્થનું મહત્તમ પ્રમાણમાં મળી રહે. ૮૦ °સે ૯ મીનિટસુધી ગરમ કરેલ કોઠાનું આ જ્યુસ સામાન્ય તાપમાને (૩૭ °સે) ૫ મહિના સૂધી જીવાણુમુકત રાખી શકાય છે.<br>**Approved.**<br>**(Action: Prof. & Head, Dept. of Food Precessing Technology, AAU, Anand)** |
| **14.5.1.28** | **Utilization of pumpkin carotenoid in food products**. |
| | The entrepreneurs and food processors interested in production of carotenoid fortified ice cream and low fat spread are recommended to use the technology developed by the Anand Agricultural University.<br>(1) The ice cream can be fortified by carotenoid extract obtained by Super Critical Fluid Extraction of vacuum dried pumpkin powder @ 450 mg/100 g of ice cream mix. The ice cream thus obtained, contained 93.22 mg of β-carotene per 100 g of product.<br>(2) The low fat spread can be fortified by carotenoid extract obtained By Super |

Critical Fluid Extraction of vacuum dried pumpkin powder @ 150 mg/100 g of spread. The low fat spread thus obtained contained 35.26 mg of β-carotene per 100 g of product.

આઈસ્ક્રીમ અને લોફેટ સ્પ્રેડ બનાવનાર ઉદ્યોગ સાહસિકો કેરોટીનોઇડ ફોર્ટિફાઇડ આઈસ્ક્રીમ અને લો ફેટ સ્પ્રેડ ઉત્પાદન કરવા માટે આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવવામાં આવેલ તાંત્રિકતાના ઉપાયોગની ભલામણ કરવામાં આવે છે.

(૧)કેરોટીનોઇડ ફોર્ટિફાઇડ આઈસ્ક્રીમ ઉત્પાદન કરવા માટે આ ટેકનોલોજીમાં શૂન્યાવકાશમાં સુકવણી કરેલ કોળાના પાઉડરમાંથી સુપર ક્રિટિકલ દ્રાવક નિષ્કર્ષણ કરી, ઉત્પાદિત કરેલ કેરોટીનોઇડ, ૪૫૦ મિ.ગ્રા/૧૦૦ ગ્રામ આઈસ્ક્રીમ મિક્ષમાં ઉમેરીને આઈસક્રીમ બનાવી શકાય. આ રીતે ઉત્પાદન કરેલ આઈસ્ક્રીમમાં β-કેરોટિન ૯૩.૨૨ મિ.ગ્રા/૧૦૦ ગ્રામ મળે છે.

(૨) કેરોટીનોઇડ ફોર્ટિફાઇડ લોફેટ સ્પ્રેડ ઉત્પાદન કરવા માટે આ તાંત્રિકતામાં શૂન્યાવકાશમાં સુકવણી કરેલ કોળાના પાઉડરમાંથી સુપર ક્રિટિકલ દ્રાવક નિષ્કર્ષણ કરી, ઉત્પાદિત કરેલ કેરોટીનોઇડ ૧૫૦ મિ.ગ્રા/૧૦૦ ગ્રામ સ્પ્રેડમાં ઉમેરીને લો ફેટ સ્પ્રેડ બનાવી શકાય. આ રીતે ઉત્પાદન કરેલ લો ફેટ સ્પ્રેડમાં β-કેરોટિન ૩૫.૨૬ મિ.ગ્રા./૧૦૦ ગ્રામ મળી રહે છે.

**Approved.**

**(Action: Prof. & Head, Dept. of Food Precessing Technology, AAU, Anand)**

**14.5.1.29 Development of preservation technique for *idli* batter for enhanced shelf life**

The entrepreneurs and food processers interested to store *idli* batter are recommended to use preservation technique developed by Anand Agricultural University. The packaging of *idli* batter prepared with selective cultures under controlled condition in 60 µm poly laminated pouch with $N_2$ flushing and stored at 7±2 °C is recommended for its shelf-life of upto 8 days. The sonication treatment (100 µm amplitude exposure for 15 minute) of the *idli* batter packed in 60µm poly laminated pouch with $N_2$ flushing and stored at 7±2 °C is recommended for its shelf-life upto 15 days.

ઇડલીના ખીરાને સાચવવા ઇચ્છતા ઉદ્યોગસાહસિકોને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવવામાં આવેલ તાંત્રિકતાનો ઉપયોગ કરવા ભલામણ કરવામાં આવે છે. ખાસ પ્રકારના મેળવળ વડે નિયંત્રિત આથવણથી બનાવેલ ઈડલીના ખીરાને ૬૦ µm પોલીલેમીનેટેડ પાઉચમાં નાઈટ્રોજન ગેસની સાથે પેક કરી ૭±૨°સે.તાપમાને રાખવાથી ૮ દિવસ સુધી સાચવી શકાય છે.પસંદ કરેલા સુક્ષ્મજીવાણુંઓ વડે નિયંત્રિત આથવણથી તેમ ઈડલીના ખીરાને ૧૦૦ µm કંપન વિસ્તારની સોનીકેશન પ્રક્રિયા ૧૫ મિનીટ સુધી આપી, તેને ૬૦ µm પોલીલેમીનેટેડ પાઉચમાં નાઈટ્રોજન ગેસની સાથે પેક કરી ૭±૨°સે. તાપમાને રાખવાથી ૧૫ દિવસ સુધી સાચવી શકાય છે.

**Approved.**

**(Action: Prof. & Head, Dept. of Food Quality Assurance, AAU, Anand)**

**14.5.1.30 Bioethanol production from potato processing starch waste by thermotolerant strain of *Saccharomyces cerevisiae* ETGS1**

Entrepreneurs interested in bioconversion of potato processing waste into ethanol are advised to use amylolytic *Sacharomyces cerevisiae* ETGS1 strain and process developed by the Anand Agricultural University. This technology enables ethanol production with 0.45 g product per g substrate yield and 88.53 % fermentation efficiency from potato processing effluent and gelatinised potato waste with minimum input by consolidated bioprocessing.

બટાટાનાં પ્રોસેસિંગ દરમિયાન ઉત્પાદિત થતા બાઇ-પ્રોડકટમાંથી ઈથેનોલ બનાવવામાં

| | |
|---|---|
| | રસ ધરાવતા ઉદ્યોગ સાહસિકોને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસિત એમાયલોલાઈટીક *Sacharomyces cerevisiae* ETGS1 કલ્ચર અને પ્રકિયાનો ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવે છે .આ તાંત્રિકતા દ્વારા ઓછા ઇનપુટ સાથે બટાટા પ્રોસેસિંગના પ્રવાહી અને જિલેટીનાઇઝડ બટેટાના વેસ્ટના બાયોપ્રોસેસિંગથી ૦.૪૫ ગ્રામ પ્રોડક્ટ / ગ્રામ સબસ્ટ્રેટની ઉપજ અને ૮૮.૫૩ % આથવણની પ્રકિયાની કાર્યક્ષમતાથી ઇથેનોલનું ઉત્પાદન કરવા સક્ષમ છે.<br>**Approved.**<br>**(Action: Prof. & Head, Dept. of Food Quality Assurance, AAU, Anand)** |
| **14.5.1.31** | **Development of technology for productionof bio-manure granules From digested slurry of biogas plant.** |
| | Small capacity biogas plant owners are recommended to adopt a simple technology using Jute sack with stand for separation of liquid from digested slurry developed at Anand Agricultural University for easy handing and transportation. With 70 % separated sludge, 20 % dried poultry manure and 10 % wood ash combination bio manure granules prepared are safe for storage and further use as manure.<br>નાની ક્ષમતા વાળા બાયોગેસ પ્લાન્ટ ધરાવતા લોકોને આણંદ કૃષિ યુનિવર્સીટી, આણંદ દ્વારા વિકસાવેલ કંતાણબોરા તથા સ્ટેન્ડનાં ઉપયોગથી બાયોગેસ પ્લાન્ટની ડાયજેસ્ટેડ સ્લરીમાંથી પાણી અને ગદ્દ છુટો પાડવાની તકનીકનું પ્રયોગ, એમના સારા નિકાલ માટે કરવાની ભલામણ છે. ભેજ શોષી શકે એવી વસ્તુઓ જેવી કે મરઘાનું સૂકુહગાર (૨૦ %) લાકડાની રાખ (૧૦ %) અને ગદ્દ (૭૦ %) સાથે મિશ્રણ કરીને બાયોમેન્યુર ગ્રેન્યુઅલ્સ બનાવી સંગ્રહ કરી શકાય છે.<br>**Approved.**<br>**(Action: Prof. & Head, Dept. of Bio Energy, AAU, Anand)** |
| **14.5.1.32** | **Development of high fiber bakery products using Aonla and carrot pomace after juice extraction** |
| | 1. A satisfactory high fiber bread can be prepared by adding 2.5 % Aonla Pomace Powder replacing the refind wheat flour.The bakery industry and entrepreneurs interested in production of high fiber bread are recommended to use the technology developed by Anand Agricultural University.<br>૧.આમળાનો રસ કાઢ્યા બાદ રહી ગયેલા માવાનો પાઉડર ૨.૫ ટકાના દરે ઉમેરી સંતોષકારક હાઈ ફાયબર બ્રેડનું ઉત્પાદન કરવા બેકરી વાનગીઓના ઉત્પાદકો અને ઉદ્યોગ સાહસિકોને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવાયેલ ટેકનોલોજીનો ઉપયોગ કરવા ભલામણ કરવામાં આવે છે.<br>2. A satisfactory high fiber biscuit can be prepared by adding 12 % Aonla Pomace Powder using technology developed by the Anand Agricultural University. The product duly packed in aluminum foil will have safe storage life of about two months .The bakery industry and entrepreneurs interested in production of high fiber biscuit are recommended to follow the same.<br>૨.આમળાનો રસ કાઢ્યા બાદ રહી ગયેલા માવાનો પાઉડર ૧૨ ટકાના દરે ઉમેરી સંતોષકારક હાઈ ફાયબર બિસ્કીટનું ઉત્પાદન કરવા બેકરી વાનગીઓના ઉત્પાદકો અને ઉદ્યોગ સાહસિકોને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવાયેલ ટેકનોલોજીનો ઉપયોગ કરવા ભલામણ કરવામાં આવે છે .આવા હાઈ ફાયબર બિસ્કીટ સામાન્ય વાતાવરણમાં એલુમિનિયમ ફોઇલમાં ૨ મહિના સુધી સંગ્રહી શકાય છે.<br>3. A satisfactory high fiber bread can be prepared by adding 4% Carrot Pomace Powder using technology developed by the Anand Agricultural University. The bakery industry and entrepreneurs interested in production of high fiber bread are |

| | |
|---|---|
| | recommended to follow the same.<br>3.ગાજરનો રસ કાઢ્યા બાદ રહી ગયેલા માવાનો પાઉડર ૪ ટકાના દરે ઉમેરી સંતોષકારક હાઈફાયબર બ્રેડનું ઉત્પાદન કરવા બેકરી વાનગીઓના ઉત્પાદકો અને ઉદ્યોગ સાહસિકોને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવાયેલ ટેકનોલોજીનો ઉપયોગ કરવા ભલામણ કરવામાં આવે છે.<br>4. A satisfactory high fiber biscuit can be prepared by adding 20% Carrot Pomace Powder using technology developed by the Anand Agricultural University. The product duly packed in plastic container and aluminum foil will have safe storage life of about two and half months .The bakery industry and entrepreneurs interested in production of high fiber biscuit are recommended to follow the same.<br>૪.ગાજરનો રસ કાઢ્યા બાદ રહી ગયેલા માવાનો પાઉડર ૨૦ ટકાના દરે ઉમેરી સંતોષકારક હાઈફાયબરબિસ્કીટનું ઉત્પાદન કરવા બેકરી વાનગીઓના ઉત્પાદકો અને ઉદ્યોગ સાહસિકોને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવાયેલ ટેકનોલોજીનો ઉપયોગ કરવા ભલામણ કરવામાં આવે છે .આવા હાઈફાયબર બિસ્કીટ સામાન્ય વાતાવરણમાં પ્લાસ્ટિક કન્ટેઈનર તેમજ એલ્યુમિનિયમ ફોઇલમાં ૨½ મહિના સુધી સંગ્રહી શકાય છે.<br>**Approved.**<br>**(Action: Prof. & Head, Dept. of Horticulture, AAU, Anand)** |

**JUNAGADH AGRICULTURAL UNIVERSITY, JUNAGADH**

| **14.5.1.33** | **Enzymatic Pre-treatment in the Processing of Pigeon pea.** |
|---|---|
| | The pulse processing enterpreneurs are recommended to give enzymatic pre-treatment at specific concentration, time and temperature to get higher recovery and to reduce the dhal making time.<br>આથી કઠોળના પ્રોસેસીંગ સાથે સંકળાયેલ ઉદ્યોગકારોને તુવેરની દાળ બનાવવા તુવેરને ઉત્સેચકોની પ્રક્રીયા, ચોકકસ સાંદ્રતા, નિર્ધારીત તાપમાને અને સમય માટે આપવાની ભલામણ કરવામાં આવે છે. આ પ્રક્રીયાથી દાળની રીકવરી વધારે મળે છે, તથા દાળ બનાવવાના સમયમાં યોગ્ય ઘટાડો થાય છે.<br>**Approved.**<br>**(Action: Prof. & Head, Dept. of Processing & Food Engg., CAET, JAU, Junagadh)** |
| **14.5.1.34** | **Irrigation scheduling of wheat under high discharge drip irrigation.** |
| | Farmers of South Saurashtra Agro-climatic Zone growing wheat in medium black soil are recommended to adopt the drip irrigation system having spacings of 1.8m lateral to lateral and 1m emmiter to emmiter of 14 liters per hour to irrigate at 150 cbar soil moisture tension to get higher net return with 21.04 % water saving and 4 % energy saving. For this, farmers are advised to irrigate the crop with following schedule. |

| Month | Number of Irrigation | Time of operation | Irrigation Interval |
|---|---|---|---|
| November | 1 | Flood irrigation | Post sowing |
| December | 3 | 4 hours and 45 minute | 10 Days |
| January | 5 | 3 hours and 40 minute | 6 Days |
| February | 3 | 5 hours and 40 minute | 9 Days |

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના મધ્યમ કાળી જમીનમાં ઘઉંનુ વાવેતર કરતા ખેડૂતોને ભલામણ કરવામા આવે છે કે, ઘઉંના પાકમાં લેટરલથી લેટરલ વચ્ચે ૧.૮ મીટર અને ૧૪ લિટર પ્રતિ કલાક ના પ્રવાહ દર ના ડ્રીપર થી ડ્રીપર વચ્ચે ૧.૦ મીટર અંતર રાખી ટપક પિયત પધ્ધતિ દ્વારા ૧૫૦ સેન્ટીબાર જેટલા તણાવે પિયત આપવાથી ઘઉંના પાકમાં ૨૧.૦૪ % પાણી તથા ૪ % ઉર્જાની બચત સાથે વધુ ચોખ્ખી આવક મેળવી શકાય છે. જે માટે

ટપક પદ્ધતિને નીચેની વિગત પ્રમાણે ચલાવવી.

| માસ | પિયત સંખ્યા | ચલાવવાનો સમય | બે પિયત વચ્ચેનું અંતર |
|---|---|---|---|
| નવેમ્બર | ૧ | બેઠું પિયત | વાવણી કર્યા પછી તરત |
| ડીસેમ્બર | ૩ | ૪ કલાક ૪૫ મિનીટ | ૧૦ દિવસ |
| જાન્યુઆરી | ૫ | ૩ કલાક ૪૦ મિનીટ | ૬ દિવસ |
| ફેબ્રુઆરી | ૩ | ૫ કલાક ૪૦ મિનીટ | ૯ દિવસ |

**Approved.**

**(Action: Prof. & Head, Dept. of Soil & Water Consr. Engg., CAET, JAU, Junagadh)**

**14.5.1.35 Evaluation of on stream check dam groundwater recharge technique for Junagadh region**

It is recommended to farmers, NGOs and line departments of Government on-stream check dam groundwater recharge technique is a cost effective groundwater recharge technique. In Junagadh region, it results 0.15 cum groundwater recharge per square meter of catchment area at the cost of₹ 1.02 per cum as per prevailing cost.

ખેડુતો, સ્વૈછિક સંસ્થાઓ અને સરકારી વિભાગોને આથી ભલામણ કરવામાં આવે છે કે ઝરણાં ઉપર બાંધવામાં આવતાં ચેકડેમ અસરકારક રીચાર્જ ટેકનીક છે, જેનાથી જૂનાગઢ વિસ્તારમાં ૦.૧૫ ઘન મીટર ભુગર્ભ જળ રીચાર્જ પ્રતિચોરસ મીટર કેચમેંટ એરીયા પ્રમાણે કરી શકે છે જેનો ખર્ચ પ્રવર્તમાન કિંમત પ્રમાણે રૂ. ૧.૦૨ પ્રતિ ઘ.મી. થાય છે.

**Approved.**

**(Action: Prof. & Head, Dept. of Soil & Water Consr. Engg., CAET, JAU, Junagadh)**

**14.5.1.36 Evaluation of groundwater recharge basin technique for Junagadh region**

It is recommended to farmers, NGOs and line departments of Government that recharge basin is a cost effective recharge technique.In Junagadh region, itresults in recharge about 0.13 cum. groundwater per square meter of catchment area at the cost of ₹ 0.27 per cum.

ખેડુતો, સ્વૈછિક સંસ્થાઓ અને સરકારી વિભાગોને આથી ભલામણ કરવામાં આવે છે કે રીચાર્જ બેઝિન ખુબ જ ફાયદામંદ ભુગર્ભજળ રીચાર્જ ટેકનીક છે, જેના દ્વારા જૂનાગઢ વિસ્તારમાં ૦.૧૩ ઘન મીટર ભુગર્ભજળ રીચાર્જ પ્રતિ ચો.મી. કેચમેંટ એરીયા પ્રમાણે કરી શકે છે, જેનો ખર્ચ પ્રવર્તમાન કિંમત પ્રમાણે રૂ. ૦.૨૭ પ્રતિ ઘ.મી. થાય છે.

**Approved.**

**(Action: Prof. & Head, Dept. of Soil & Water Consr. Engg., CAET, JAU, Junagadh)**

**14.5.1.37 Evaluation of roof water harvesting recharge technique for Junagadh region**

It is recommended to citizens, farmers, NGOs and line departments of Government that roof water harvesting is an effective groundwater recharge technique. In Junagadh region,it results in groundwater recharge of 0.22 cum out of potential runoff of 0.73 cum per sq. m of roof area, which may be done through tube well recharge and remaining 0.51 cum may be stored in a sump with a cost of ₹ 34 per cum at prevailing cost. The annual runoff coefficient of 0.71 for roof top is recommended for designing the roof water harvesting system.

નાગરીકો, ખેડુતો, સ્વૈછિક સંસ્થાઓ અને સરકારી વિભાગોને આથી ભલામણ કરવામાં આવે છે કે રૂફ વોટર હાર્વેસ્ટીગ ખુબજ અસરકારક રીચાર્જ  ટેકનીક છે. જેનાથી જૂનાગઢ વિસ્તારમાં પ્રતિ ચો. મી. રૂફ વિસ્તારની ૦.૭૩ ઘ.મી. રનઓફ ક્ષમતામાથી ૦.૨૨ ઘ.મી. ભુગર્ભ જળ રીચાર્જ અને ૦૫૧ ઘ.મી. ટાંકામા સંગ્રહ થાય છે, જેનો ખર્ચ પ્રવર્તમાન કિંમત પ્રમાણે ₹ ૩૪ પ્રતિ ઘ.મી. થાય છે અને રૂફ વોટર હાર્વેસ્ટીગ સીસ્ટમ ડીઝાઇન કરવા માટે વાર્ષિક ૦.૭૧ રૂફ વોટર રનઓફ કોએફિસીએંટ ભલામણ કરવામા આવે છે.

**Approved.**

**(Action: Prof. & Head, Dept. of Soil & Water Consr. Engg., CAET, JAU, Junagadh)**

| | |
|---|---|
| **14.5.1.38** | **Estimation of irrigation demand for different crops of ozat river basin using remote sensing and GIS** |
| | The irrigation department and planners of Ozat river basin are recommended that based on remote sensing technology, 9 irrigations should be applied for wheat crop in basin apart from pre sowing irrigation at 16, 31, 40, 50, 62, 72, 80, 89 and 96 days after sowing with irrigation depths of 33, 38, 32, 37, 45, 43, 37, 44 and 35 mm, respectively.<br>ઓઝત બેજીનમાં કાર્યરત સિંચાઇ વિભાગ અને પ્લાનર/આયોજકોને રિમોટ સેન્સીંગ ટેકનોલોજી દ્વારા ગણતરી કર્યા અનુસાર ઘઉંના પાકમાં ૯ પિયત અનુક્રમે વાવેતર કર્યા પછી ૧૬, ૩૧, ૪૦, ૫૦, ૬૨, ૭૨, ૮૦ ,૮૯ અને ૯૬ દિવસે ૩૩, ૩૮, ૩૨, ૩૭, ૪૫, ૪૩, ૩૭, ૪૪ અને ૩૫ મીમી ઉંડાઈના પિયત અને એક વાવણી પૂર્વેનું પિયત આપવાની ભલામણ કરવામાં આવે છે.<br>**Approved.**<br>**(Action: Prof. & Head, Dept. of Soil & Water Consr. Engg., CAET, JAU, Junagadh)** |
| **14.5.1.39** | ***In-situ* moisture conservation in rainfed stressed regions for increasing productivity of cotton crop.** |
| | The farmers of North Saurashtra Agro-climatic Zone growing Bt. cotton G. Cot Hy-8 (BG-II) at the distance of 120 x 45 cm are advised to prepare ridge and furrow OR broad bed with 2 rows(180 cm width) and furrow (60 cm) at 20 days after sowing and apply plastic mulch (25 micron) OR straw mulch @ 5 t/ha at withdrawal of monsoon in the month of September (38 to 39 Std. week) for obtaining higher productivity and maximum net returns as well as maximum *in-situ* moisture conservation and rain water use efficiency under dry farming conditions.<br>ઉત્તર સોરાષ્ટ્ર ખેત આબોહવાકિય વિસ્તારનાં સુકી ખેતી પરિસ્થિતિમાં બીટી કપાસ ગુ.કપાસ શંકર–૮(બોલ ગાર્ડ–II)નું ૧૨૦ x૪૫ સે.મી.ના અંતરે વાવેતર કરતા ખેડૂતોને વધારે ઉત્પાદન અને મહત્તમ આર્થિક વળતર તેમજ મહત્તમ જમીનમાં ભેંજ સંગ્રહ કરવા અને વરસાદના પાણીના વપરાશની કાર્યક્ષમતા મેળવવા માટે વાવેતર બાદ ૨૦ દિવસે ધોરીયા અને પાળા **અથવા** ૬૦ સે.મી. ના ધોરીયા અને બે હાર સાથે૧૮૦ સે.મી.ના પહોળા કયારા બનાવવા અને સપ્ટેમ્બર માસમાં ચોમાસાની વિદાય સમયે કાળું પલાસ્ટીક (૨૫ માઈક્રોન)નું **અથવા** પ્રતિ હેકટરે ૫ ટન ભુસાનું આવરણ કરવાની ભલામણ કરવામાં આવે છે.<br>**Approved.**<br>**(Action: Res. Sci. (Dry Farming), Main Dry Farmng Res. Stat., JAU, Targhadia)** |
| **14.5.1.40** | **Development and performance evaluation of tractor drawn cultivator cum spiked roller.** |
| | The farmers of South Saurashtra Agro-climatic Zone and manufacturers are recommended to use Junagadh Agricultural University developed tractor drawn cultivator cum spiked roller for seed bed preparation. It saves 68.31 per cent cost of operation as compared to traditional method.<br>દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના ખેડ્તો અને ઉત્પાદકોને વાવણી લાયક જમીન તૈયાર કરવા માટે જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ દ્વારા વિકસાવેલ ટ્રેક્ટર સંચાલિત દાંતી સાથેનો સ્પાઇકડ રોલર ઉપયોગમાં લેવાની ભલામણ કરવામાં આવે છે .આ ઓજારના ઉપયોગથી રૂઢિગત સાધનોની સરખામણીમાં ૬૮.૩૧ %જેટલા ખર્ચની બચત કરી શકાય છે.<br>**Approved.**<br>**(Action: Professor & Head, Dept. of Farm Engineering, CoA, JAU, Junagadh)** |
| **14.5.1.41** | **Effect of coloured plastic mulches on cultivation of tomato crop.** |
| | Farmers of South Saurashtra Agro-climatic Zone are recommended to adopt silver/black or red/black plastic mulch (20 µm) with drip irrigation and raised bed for cultivation of tomato during *rabi* season. This plastic mulch diminishes the infestation of insects/pests and diseases in the crop, controls weeds and results higher crop yield and income.<br>આથી દક્ષિણ સૌરાષ્ટ્ર કૃષિ આબોહવાકીય વિસ્તારનાં ટમેટા ઉગાડતા ખેડુતોને શીયાળાની ઋતુમાં ગાદી કયારા અને ટપક પધ્ધતિ સાથે ૨૦ માઈક્રોન જાડાઈના સીલ્વર બ્લેક અથવા રેડ બ્લેક કલરના પ્લાસ્ટીક મલ્ચનો ઉપયોગ |

કરવાની ભલામણ કરવામાં આવે છે. આ પ્લાસ્ટીક મલ્ચના ઉપયોગથી પાકમાં રોગ–જીવાતનો ઉપદ્રવ ઘટાડી શકાય છે નિંદામણનુ નિયંત્રણ થાય છે તેમજ પાકની વધુ ઉત્પાદકતા અને આવક મેળવી શકાય છે.

**Approved.**

**(Action: Prof. & Head, Dept. of Renewable Energy Engg., CAET, JAU, Junagadh)**

**14.5.1.42 Development and performance evaluation of low cost plastic mulch cum drip lateral laying machine**

Tractor mounted plastic mulch cum drip lateral laying low cost machine (₹60,000) developed by Junagadh Agricultural University is recommended for farmers' use and for farm machinery manufacturers. It can be used for laying plastic film with width ranging from 900 to 1500 mm (3 to 5 ft.) along with two lines of drip lateral at a time. It saves about 97.23 % time and 46.03 % cost of laying plastic mulchand drip lateralas compared to conventional manual laying method.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવવામાં આવેલ ટ્રેકટર સંચાલીત ઓછી કિંમતનુ પ્લાસ્ટીક મલ્ચ કમ ડ્રીપ લેટરલ પાથરવાનું યંત્ર ખેડૂતોને વાપરવા તેમજ ખેતયંત્ર ઉત્પાદકો માટે ભલામણ કરવામાં આવે છે. જેના વડે ૯૦૦ થી ૧૫૦૦ મી.મી. (૩ થી ૫ ફુટ) સુધીની પહોળાઈનાં પ્લાસ્ટીક મલ્ચની સાથે સાથે ડ્રીપ લેટરલ ની બે લાઈન એકી સાથે પાથરી શકાય છે. આ યંત્ર વાપરવાથી માનવ દ્વારા મલ્ચ અને ડ્રીપ લેટરલ પાથરવાની સરખામણીએ ૯૭.૨૩ % સમયમાં તેમજ ૪૬.૦૩ % ખર્ચમાં બચત કરી શકાય છે.

**Approved.**

**(Action: Prof. & Head, Dept. of Farm Machinery & Power Engg., CAET, Junagadh)**

## NAVSARI AGRICULTURAL UNIVERSITY, NAVSARI

**14.5.1.43 Development of integrated rainwater resource management (iRaM) module for coastal areas of South Gujarat**

Farmers of South Gujarat coast are reccommonded to construct ponds in lower depressions of their field, to harvest rain water for improving ground water quality along with rearing of fresh water fish (Grass carp, Catla, Rohu and Mrigal). The pond may be constructed in 10 % area with 3.0 m depth including 0.5m free board. They may rear fresh water fish even by collecting rain water or excess canal water by adopting "iRaM"
(Integrated rainwater resource management) model.

દક્ષિણ ગુજરાતના કાંઠાવિસ્તારના ખેડૂતોને ભુગર્ભ જળની ગુણવત્તા સુધારવા તેમજ મીઠા પાણીની માછલીઓના ઉછેર માટે ખેતરના નીચાણમાં હોઈ તેવા આશરે ૧૦ મા ભાગમાં ૦.૫ મીટર ફ્રી બોર્ડ સાથે ૩.૦ મીટર ઊંડી ખેત તલાવડી બનાવવાની ભલામણ કરવામાં આવે છે. જેથી ખેડૂતો સંકલીત વરસાદીય પાણી વ્યવસ્થાપન (iRaM) માળખા દ્વારા વરસાદી અથવા નહેરના વધારના પાણીનો સંગ્રહ કરી ખેત તલાવડીમાં મીઠા પાણીની માછલીઓ (ગ્રાસક્રાપ, કટલા, રોહુ અને મ્રુગલ) નો ઉછેર કરી શકે છે.

**Approved.**

(**Action:** Principal, College of Fisheries, NAU, Navsari)

**14.5.1.44 Irrigation scheduling of teak seedlings grown in nurseries**

It is recommended to farmers/state forest department raising teak stump in net house nurseries to irrigate the seedlings on every alternate day, for getting seedlings with superior growth. The approximate quantity of water application (ml) in poly-bags of 10 kg size, during different months should be as follows:

| Nov | Dec | Jan | Feb | Mar | Apr | May | Jun |
|---|---|---|---|---|---|---|---|
| 300 | 200 | 200 | 300 | 300 | 400 | 400 | 300 |

ખેડૂતો તથા રાજય વન વિભાગના અધિકારીઓને ભલામણ કરવામાં આવે છે કે, નેટ હાઉસમાં સાગના રોપાઓની સારી ગુણવત્તા માટે એકાંતરે પાણી આપવું. અંદાજીત દર મહિને ૧૦ કિ.ગ્રા બેગમાં પાણીની માત્રા (ml) નીચે મુજબ આપવી.

| નવેમ્બર | ડિસેમ્બર | જાન્યુઆરી | ફેબ્રુઆરી | માર્ચ | એપ્રિલ | મે | જુન |
|---|---|---|---|---|---|---|---|
| ૩૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૩૦૦ | ૩૦૦ | ૪૦૦ | ૪૦૦ | ૩૦૦ |

| | |
|---|---|
| | **Approved.**<br>(**Action:** Principal, College of Forestry, NAU, Navsari) |
| **14.5.1.45** | **Testing and modification of sugarcane planter.** |
| | The farmers of South Gujarat Heavy Rainfall Agro-climatic Zone (AES-III) are advised to adopt IISR, Lukhnow make automatic planter with minor adjustment (i.e.$30^0$ enlargement in angle of covering device) for easy planting of sugarcane in heavy black soil. By adopting this, it can reduce fuel consumption, saves in cost of cutting and covering sets and increase higher cane yield with more net income as compared to other local make planters.<br>આથી દક્ષિણ ગુજરાતના ભારે વરસાદ વાળા કૃષિ આબોહવાકીય વિભાગ (કૃષિ આબોહવાકીય પરિસ્થિતી –૩) ના ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે આઈ.આઈ.એસ.આર., લખનૌ દ્વારા નિર્મિત ઓટોમેટીક શેરડી રોપણી યંત્રમાં સામાન્ય સુધારો (એટલે કે ઢાંકવાના સાધનમાં ૩૦° ખૂણાનો વધારો) કરી ભારે કાળી જમીનમાં શેરડીની રોપણી કરવામાં આવે તો બીજા દેશી બનાવટના યંત્ર કરતા સરળ કાર્ય, ઓછા ઈંધણનો વપરાશ ઉપરાંત શેરડીના ટુકડાની કાપણી અને ઢાંકવાની કિંમતમાં બચતની સાથે સાથે ચોકસાઈ ભર્યા કાર્ય દ્વારા વધારે ઉત્પાદન તથા વધારે સારી આવક મેળવી શકાય છે.<br>**Approved.**<br>(**Action:** Prof. & Head, Deptt. of Agril. Engg., NMCA, NAU, Navsari) |
| **14.5.1.46** | **Packaging and storage studies of drumstick '*Moringa oleifera*' and its pulp.** |
| | 1. Farmers, processors, and entrepreneurs are recommended to preserve the drumstick pod pieces by packing in glass bottle and 'A-1 tall tin can' with 2 % brinesolution and steam retorting at 115 °C temperature for 15 min and cooling. Thus, bottled and canned drumstick pod pieces can be stored safely and utilized up to 8 and 12 months, respectively.<br>2. Farmers, processors, and entrepreneurs are recommended to preserve the drumstick pulp in glass bottle and 'A-1 tall tin can' after sterilization and steam retorting at 121 °C temperature for 10 min and cooling. Thus, bottled and canned drumstick pulp can be stored safely and utilized up to 8 and 12 months, respectively.<br>૧. ખેડુતો, પ્રસંસ્કરણકારો અને ઉદ્યોગ સાહસીકો ને ભલામણ કરવામાં આવે છે કે સરગવાની સીંગોના ટુકડાને કાચની બાટલી અને 'એ–૧ ટોલ' ડબ્બામાં સંગ્રહ કરવા માટે ૨ % મીઠાનું દ્રાવણ ભરી અને વરાળમાં ૧૧૫ °સે. તાપમાને ૧૫ મીનીટ માટે રીટોરટીંગ કરી અને ઠંડુ કરવું. આ રીતે બાટલીબંધ અને ડબ્બાબંધ કરેલ સરગવાની સીંગોને અનુક્રમે ૮ અને ૧૨ માસ સુધી સંગ્રહીત કરી વાપરી શકાય છે.<br>૨. ખેડુતો, પ્રસંસ્કરણકારો અને ઉદ્યોગ સાહસીકોને ભલામણ કરવામાં આવે છે કે, સરગવાની સીંગોના ગરને કાચની બાટલી અને 'એ–૧ ટોલ' ડબ્બામાં સંગ્રહ કરવા માટે સ્ટરીલાઈઝ કરી, વરાળમાં ૧૨૧°સે. તાપમાને ૧૦ મીનીટ માટે રીટોરટીંગ કરી અને ઠંડુ કરવું. આ રીતે બાટલીબંધ્ધ અને ડબ્બાબંધ કરેલ સરગવાની સીંગોના ગરને અનુક્રમે ૮ અને ૧૨ માસ સુધી સંગ્રહીત કરી વાપરી શકાય છે.<br>**Approved.**<br>(**Action:** Incharge, CE on PHTC, NAU, Navsari) |
| **14.5.1.47** | **Technology for utilization of Orange Peel and Seed.**<br>**Sub-title: Standarization of drying parameters for orange peel and seed** |
| | Processors and entrepreneurs are recommended to dry the sweet orange peel and seed below 7 % final moisture content using tray dryer operated at 50°C drying air with tray load of 4.6 kg/$m^2$ and 2.7 kg/$m^2$ for 32 h and 21 h, respectively to extract highest orange oil with optimum d- limonene cotent.<br>પ્રસંસ્કરણ કરતા અને ઉદ્યોગ સાહસિકોને ભલામણ કરવામાં આવે છે કે નારંગીની છાલ અને બીજને ૭% થી નીચે ભેજ સુધી સુકવણી કરવા માટે ટ્રે–ડ્રાયરમાં અનુક્રમે ૪.૬ કિગ્રા/મી² અને ૨.૭ કિગ્રા/મી² ના દરથી પાથરી, ૫૦°સે. ઉષ્ણતામાનવાળી હવામાં અનુક્રમે ૩૨ કલાક અને ૨૧ કલાક મુકવાથી ડી–લીમોનીનનું મહત્તમ પ્રમાણ વાળુ નારંગીનું તેલ વધુ પ્રમાણમાં કાઢી શકાય છે .<br>**Approved with following suggestion/s:**<br>Advised to takeup work on solvent extraction considering solvent types, particle sizes and solvent ratios.<br>(**Action:** Incharge, CE on PHTC, NAU, Navsari) |

